
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ.... જંતુનાશક દવામાં જ જંતુ પડે તો તેનો ઉપાય શું??

# હોમગાર્ડ યુનિટની કચેરીનું મકાન જોખમી હાલતમાં

## સૅક્ટર-૧૭માં સ્થિત આ સરકારી આવાસમાં કાર્યરત કચેરીમાં ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત





ગાંધીનગર, તા ૨૪

શહેરમાં સરકારી આવાસોની હાલત બદતર છે. દિન પ્રતિદિન સરકારી આવાસોમાં પોપડા ખરવા ઉપરાંત દિવાલોમાં મોટીમસ તિરાડો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. સે-૧૭ માં સ્થિત હોમગાર્ડ યુનિટની કચેરી જ જોખમી હાલતમાં છે. છતમાથી મોટા મસ પોપડા ખરવાની સાથે દિવાલો ઉપર તિરાડો નિકળતા ભયજનક મકાનમાં ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત પણ વ્યકત કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનોની સંખ્યા નહીંવત છે. સેકટરોમાં એકબાજુ સર્વે હાથ ધરીને તબક્કાવાર મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. પરંતુ જોખમી મકાનોમાં કર્મચારીઓનો વસવાટ હજુ યથાવત છે એટલુ જ નહીં પરંતુ કેટલીક કચેરીઓ પણ સરકારી આવાસમાં કાર્યરત છે. આવા સંજોગોમાં સરકારી આવાસોની જોખમી હાલત ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. સે-૧૭ માં સ્થિત છ કક્ષાના આવાસોની છત સલામત ન હોવાનો સુર થોડા સમય પહેલા જ ઉઠવા પામ્યો હતો. જયારે હવે સે-૧૭ માં બ્લોક નં-૩૬:૧ છ કક્ષાના આવાસમા કાર્યરત હોમગાર્ડ યુનિટની કચેરીમાં પણ મોટામસ પોપડા ઉખડી ગયા છે. દિવાલોમાં તિરડો પડી છે. છતમાં પોપડા પડી જતા સ્લેબ પણ જોખમી હાલતમાં હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આ જોખમી આવાસમાં કચેરી કાર્યરત હોવાછતા ફરિયાદોનુ પણ નિરાકરણ આવતુ નથી. તંત્ર દ્વારા ત્વરિત અસરથી આવાસનુ જરૂરી સમારકામ હાથ ધરવામાં આવે તે અનિવાર્ય હોવાની માંગ પણ ઉઠવા પામી છે.

# જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબાની સ્પર્ધા યોજાઈ




## ૨૫૦ બહેનોએ ભાગ લીધો : શાસ્ત્રીય રાગ આધારિત પરંપરાગત ગરબા રજુ કર્યા : ગરબા શણગાર સ્પર્ધામાં પણ કલાત્મક અંદાજ જોવા મળ્યો

ગાંધીનગર તા ૨૪

નવરાત પર્વના અંતે એકબાજુ શરદોત્સવની ઉજવણીને અનુલક્ષી ઠેર ઠેર ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સેકટરોમાં બેઠા ગરબા સ્પર્ધા પણ યોજવામાં આવી રહી છે. જયોતિ મહીલા મંડળ દ્વારા સતત ૪૯ માં વર્ષે આયોજિત બેઠા ગરબા સ્પર્ધામાં ૨૫૦ થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. બેઠા ગરબા સ્પર્ધા ઉપરાંત ગરબા શણગાર સ્પર્ધામાં પણ બહેનોએ કલાત્મક અંદાજથી સુશોભિત ગરબા રજુ કર્યા હતા. શાસ્ત્રીય રાગ આધારિત પરંપરાગત ગરબા રજુ કરી સૌના દિલ જીતી લીધા હતા. જયોતિ મહીલા મંડળ દ્વારા સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધાનુ આયેજન કરવામા આવ્યુ હતુ. શરદપુનમની પુર્વ સંધ્યાએ શાસ્ત્રીય રાગ આધારિત પરંપરાગત ગરબાઓ રજુ કરાયા હતા. જેમાં ૨૫૦ થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારીના સંચાલિકા કૈલાસ દીદી અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડો તન્ના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસી વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના ડો પ્રવિણ ઓઝા અને મીનળ બેન ઓઝા તેમજ સંસ્થાના પ્રમુખ ડો ચેતના બુચ ઉપસ્થિત રહ્યા હતા. પુ કૈલાસ દીદીએ આ પ્રસંગે આર્શીવચન પાઠવી સ્પર્ધકાને બિરદાવ્યા હતા. જયારે સૌને દિવાળીની શુભકામના પાઠવી હતી. ઉપસ્થિત મહેમાનોના હસ્તે બેઠા ગરબામાં વિજેતા સ્થાન મેળવનાર સે-૫ નુ ફોરમ ગૃપ, કલ્ચરલ સ્કવેરના સ્પર્ધકોને ઈનોમો એનાયત કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સુધીર દેસાઈ, જયોત્સનાબેન બુચ રક્ષિતા ઉપાધ્યાય પાર્થ દેસાઈ શ્વેતા કોઠારીએ સેવા પુરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કિન્નરી દવેએ કર્યુ હતુ. બેઠા ગરબા સ્પર્ધાના આયોજનમાં નિરુબેન નાયક કોકીલાબેન નાયક જયોત્સનાબેન મણિયાર જયોતિ ઠક્કર સાબેરા દેસાઈ અને સંગીતા પંડયા તારાબેન પટેલ અને પ્રવિણા બહેન ગામિતે જહેમત ઉઠાવી હતી.

# તબીબી વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં પાણીના પોકાર

## વાલીમંડળે પાણી તેમજ અન્ય પરેશાની અંગે આરોગ્ય મંત્રીને ફરિયાદ કરી

ગાંધીનગર, તા.૨૪

પાટનગરની મેડીકલ કોલેજમાં તબિબિ વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલના સંકુલમાં જ આઠ-આઠ માળની અદ્યતન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ રહે છે. જયારે વિદ્યાર્થીઓને રહેવા માટે ફી પણ મેડીકલ કોલેજ દ્વારા વસુલવામાં આવે છે. ત્યારે તબિબિ વિદ્યાર્થીઓને જીવન જરુરીયાતની ક્રિયાઓ માટે પાણીની સુવિધા પણ ઉપલબ્ધ ન હોવાથી ફરિયાદ ઉઠવા પામી છે. અને મોટી વાત એ છે કે આ ફરિયાદ સ્થાનિક કક્ષાએથી ઉપર ઊઠીને મંત્રીકક્ષા સુધી પહોંચી ચૂકી છે. અને હવે આ ફરિયાદના પગલે તંત્ર હરકતમાં આવી ગયું છે. હાલ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વિદ્યાર્થીઓના પાણી માટેના પોકારની ચર્ચા જ મુખ્ય મુદ્દો હોય તેવું ભાસી રહ્યું છે.

હોસ્ટેલમાં પાણી આવતું નથી તેવી ફરિયાદ વિદ્યાર્થીઓના માતા-પિતાએ રાજયના આરોગ્ય મંત્રીને કરી છે. જેને અનુલક્ષી મંત્રીકક્ષાએથી મેડીકલ કોલેજને ખુલાસો પુછવામાં આવ્યો છે. મેડીકલ કોલેજ તંત્ર દ્વારા હોસ્ટેલમાં તાત્કાલીક અસરથી નિયમિત પાણીનો પુરવઠો પહોંચાડવા માટે જણાવાયું છે. પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૫૦ બેઠકની મેડીકલ કોલેજ કાર્યરત છે. પ્રથમ વર્ષ એમબીબીએસથી લઈને પાંચ વર્ષ સુધી હોસ્ટેલમાં રહીને વિદ્યાર્થી અભ્યાસ કરે છે. જેથી કેમ્પસમાં ખાસ સુવિધા ઉભી કરાઈ છે. સંકુલમાં જ આઠ-આઠ માળની ઈમારતમાં તબિબિ વિદ્યાર્થી ભાઈ બહેનો રહે છે. મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરતા હોવાથી સમય ન બગડે તે માટે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. ત્યારે અહીં પુરતા પ્રમાણમાં માળખાકીય સુવિધા નહીં હોવાનું સામે આવ્યું છે. જેમાં ખાસ કરીને હોસ્ટેલમાં પાણી આવતું નથી ને બીજી તરફ મચ્છરોનો ત્રાસ પણ વધી જવા પામ્યો છે. જેથી વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. આ ઉપરાંત શૌચાલયમાં જ પાણી નહીં આવવાને કારણે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી સામનો કરવો પડે છે. તેમજ અન્ય મુશ્કેલીઓ અંગે વાલીમંડળે આરોગ્ય મંત્રી સુધી ફરિયાદ કરી છે. લેખિત તેમજ મૌખિક રજુઆત કરીનો વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ વાલીઓએ મંત્રીને જણાવતા મંત્રીકક્ષાએ આ બાબત ગંભીરતાથી લીધી છે. એટલું જ નહીં તાત્કાલીક મેડીકલ કોલેજને લેખિતમાં આ અંગે ખુલાસો કરવા માટે પણ સુચના આપી દેવામાં આવી છે.

# વાવોલ ફાટક પાસે એન્જિન સાથે ટકરાતાં યુવાનનું મૃત્યુ

## વહેલી સવારે બનેલી ઘટના : મૃતક યુવાનની ઓળખ માટે પોલીસ તપાસ ચાલુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામે ફાટક પાસેથી આજે સવારે ટ્રેનની ટક્કરે મોતને ભેટેલા બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. શરીરે ગંભીર ઈજાઓ અને પગ કપાઈ ગયેલી હાલતમાં મળી આવેલા મૃતદેહને જોઈને ગ્રામજનોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. આ ઘટના અંગે સેક્ટર-૭ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે વાવોલ ફાટક પાસેથી પસાર થઈ રહેલા રાહદારીનું ધ્યાન રેલવે ટ્રેકની સાઈડમાં પડેલા એક યુવાનના મૃતદેહ પર પડ્યું હતું. રેલવે ટ્રેક પરથી સડસડાટ જતાં એન્જિનની ટક્કરે આવી ગયેલા આ યુવાનના મૃતદેહને જોતા જ રૂંવાડા ઉભા થઈ જાય તેવુ દશ્ય હતુ. ટ્રેનની ટક્કરે શરીરે ગંભીર રીતે ઘવાયેલા અને એક પગ કપાઈ ગયેલી હાલતમાં પડેલા બિનવારસી મૃતદેહ અંગે નાના ચિલોડાના રાહદારી સુરેશભાઈ રામાભાઈ પ્રજાપતિએ સે-૭ પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ સેકટર-૭ પોલીસ મથકના પી.એસ.આઈ એસ.ડી ચૌધરી તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આશરે ૩૫ થી ૪૦ વર્ષના બિનવારસી યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે કવાયત શરૂ કરી છે. તો બીજી તરફ ઘટના કેવી રીતે સર્જાઇ તે સહિતની તપાસ પણ હાથ ધરવામાં આવે છે.

જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાને આધારે નાસતા ફરતા આરોપીઓને પકડવા પોલીસ સક્રિય થઈ છે ત્યારે ગાંધીનગર એસ.ઓ.જી ઈન્ચાર્જ પી.આઈ જે.આર કરોતરાની ટીમે વધુ એક આરોપી પકડી પાડ્યો છે. ગઈકાલે રાત્રે એસ.ઓ.જી.ની એક ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને મળેલી બાતમી આધારે આ ટીમ ચરેડી છાપરા પાસે ચાર રસ્તા નજીક પહોંચી ગઈ હતી અને સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના આઈ પી સી કલમ ૩૨૩,૪૦૩,૫૦૪ અને ૧૧૪ મુજબના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો હતો. ગાંધીનગર જિલ્લાના પીંડારડા ગામમાં રહેતા વિજયસિંહ ઉર્ફે લાલો વિક્રમસિંહ વાઘેલા નામના શખ્સની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે તેને મોકલી આપવામાં આવ્યો છે.



## ૮.૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલા

# ભૂગર્ભ સંપ અને ૪૪ શૌચાલયોનું ધાનોટમાં લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ધાનોટ ગામે રૂ. ૮.૧૫ લાખના ખર્ચે ૫૦ હજાર લીટર ક્ષમતાના ભૂગર્ભ સંપ અને રૂ. ૨૨ હજારના ખર્ચે તૈયાર થયેલા ૪૪ શૌચાલયોની અર્પણ વિધી જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના હસ્તે કરવામાં આવી હતી.

વાસ્મો ગાંધીનગર અને રત્નમણી મેટલ એન્ડ ટયુબ્સ લિ.ના સહયોગથી ધાનોટના વિકાસ કામોનું લોકાર્પણ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, ઠાકોર જ્ઞાતિની વધુ વસ્તી અને કુલ- ૧૩૦૦ ની જનસંખ્યાવાળા ધરાવતું ગામ વધુ સમૃધ્ધ બને તે માટે જાગૃતિ જરૂરી છે. બાળકોના શિક્ષણને વધુ મહત્વ આપી, ભાવિ પેઢીના ભવિષ્ય માટે શિક્ષણ દ્વારા જીવન ઘડતરની અપીલ ગ્રામજનોને કરી હતી. સ્વચ્છતા અને આરોગ્ય માટે શૌચાલયની જરૂરિયાત સમજાવી ધાનોટ ગામના વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં અગ્રતા ધરાવતા વિકાસ કામોનું સારું આયોજન હાથ ધરવા જણાવ્યું હતું. ગ્રામીણ વિસ્તારના બાળકોમાં શિક્ષણથી જ જીવનમાં પરિવર્તન આવે છે, ત્યારે ધાનોટ ગામ ૧૦૦ ટકા શૌચાલય વાળું બન્યું છે. તેની સાથોસાથ વ્યસન મુક્ત બને તેવી અપીલ પણ કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, શૌચાલયનો ૧૦૦ ટકા ઉપયોગ થાય અને કોઈ પણ વ્યકિત ખુલ્લામાં શૌચક્રિયા કરે નહી તેવી અપીલ કરી સંપ દ્વારા પ્રાપ્ત થયેલ પાણીની સુવિધાનો ઉપયોગ પાણીનો બગાડ ન થાય તેવી રીતે કરવા જણાવ્યું હતું.



આ પ્રસંગે રત્નમણી મેટલ એન્ડ ટયુબ્સ લિ.ના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી જયેશ સલુજા, વાસ્મોના યુનિટ મેનેજર શ્રી એમ.કે. મહેશ્વરીએ પ્રાંસગિક પ્રવચનો કર્યા હતા.

જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા તથા મહાનુભાવોના હસ્તે શૌચાલયના પ્રમાણપત્રો અને કિટસ વિતરણ કરવામાં આવી હતી. ત્યાર બાદ મહાનુભાવોએ ગામની મુલાકાત લઈ સારી સુવિધાના શૌચાલયોનું નિરીક્ષણ કરી લાભાર્થીઓના પ્રતિભાવો જાણ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જી.પી.બ્રહ્મભટ્ટ, કલોલ પ્રાંત અધિકારી શ્રી નેહાકુમારી, મામલતદાર શ્રી વી.આર. પટેલ, તાલુકા વિકાસ અધિકારી મૌલિક ડાગા તથા ગામના સરપંચ કૈલાસબેન ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતાં.

# પેટ્રોલ-ડિઝલના વેચાણ માટે ક્રાંતિકારી નવા યુગના દ્વાર ખૂલ્યા

## રાજ્યમાં પેટ્રોલ-ડિઝલના ખરીદ વિતરણ માટે પરવાનગી લેવામાંથી મુક્તિ આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરતા વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પારદર્શી પ્રશાસનની આગવી પહેલ રૂપે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને રાજ્યમાં નવા પેટ્રોલ પંપ શરૂ કરવા ઈચ્છતા ડીલર્સને પેટ્રોલ-ડિઝલના ખરીદ સંગ્રહ અને વેચાણ માટે રાજ્ય સરકારનો નવો પરવાનો લેવામાંથી મુકિત આપવાની જાહેરાત કરી છે.

ગુજરાતમાં આ મહત્વપૂર્ણ નિર્ણયને પરિણામે પેટ્રોલ-ડિઝલ ખરીદ-સંગ્રહ વેચાણ ક્ષેત્રે એક ક્રાંતિકારી નવા યુગની શરૂઆતના દ્વાર ખૂલ્યા છે.

મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર હવેથી નવા પેટ્રોલ પંપ શરૂ કરવા ઈચ્છતા ડીલર્સે રાજ્ય સરકારના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો વિભાગના આવશ્યક ચીજવસ્તુ પરવાનો સંગ્રહ-જથ્થા જાહેરાત હુકમ-૧૯૮૧ અનુસાર લેવાનો થતો પરવાનો લેવાનો રહેશે નહિ.

એટલું જ નહિ, રાજ્યમાં પેટ્રોલ ડિલર્સ-પેટ્રોલ પંપ ધારકોએ તેમના હયાત પેટ્રોલ પંપના પરવાનાની મૂદત પૂરી થતાં તે રિન્યુ પણ નહી કરાવવો પડે.

વિજયભાઈ રૂપાણીએ સુશાસન-ગુડ ગવર્નન્સની જે પરંપરાઓ વિકસાવી છે તેમાં આ વધુ એક નિર્ણય ''મિનીમમ ગવર્નમેન્ટ મેકસીમમ ગવર્નન્સ'નો પુરસ્કર્તા બન્યો છે.

રાજયમાં ગ્રાહકોને ગુણવત્તાયુકત પેટ્રોલ-ડિઝલ પુરૂ પાડવા માટે પેટ્રોલ પંપ ધારકોએ ઓઈલ માર્કેટીંગ કંપનીઝની માર્કેટીંગ ડિસીપ્લીન ગાઈડ લાઈન્સ અને ડિલરશીપ એગ્રીમેન્ટની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના અધિકારીઓની પેટ્રોલ-ડિઝલ પંપની તપાસ, નિરીક્ષણ કરવાની સત્તાઓ યથાવત રાખવામાં આવી છે.

પેટ્રોલ પંપ ધારકોએ પેટ્રોલ પંપની સેફટી માટે પેટ્રોલિયમ એન્ડ એકસપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઈઝેશન - ડિર્પાટમેન્ટ ઓફ એકસપ્લોઝિવની પણ નિયમાનુસાર અનુમતિ લેવાની રહેશે.

# સ્પીડના યુગમાં બ્રેક મારતાં શીખો : આચાર્ય સુનીલ સાગરજી

## સાર્થકતાની સિદ્ધિ મેળવવા પુરુષાર્થ કરવો પડે પણ નિર્થકતા માટે નહીં

ગાંધીનગર, તા. ૨૪

પર્વત ચઢતા મહેનત થાય છે પણ ઉતરતા નહિં, સાર્થકતાની સિદ્ધિ મેળવવા પુરુષાર્થ કરવો પડે પણ નિર્થકતા માટે નહિં, ગીત ગાવા માટે અભ્યાસ કરવો પડે પણ ગાળ આપવા માટે નહિં. એટલે દુર્ગુણો તો પ્રકટ થઈ જાય છે પણ સદગુણો વિકસાવામાં ઘણો પરિશ્રમ થાય છે. સાર્થકતાની સિદ્ધિમાં પણ પુરુષાર્થ કરવું પડે પણ વ્યર્થની નિરર્થક પ્રવૃત્તિઓ માટે કઈ કરવું પડતું નથી. પરમ ઉપકારી આચાર્ય સુનીલ સાગરજી મહારાજ સુખી, સહજ અને સમૃદ્ધ જીવનનો રહસ્ય પ્રકટ કરતા કહ્યું કે જીવનમાં બેકારની



બાબતો તો જાતે મળી જાય છે જ્યારે શ્રેષ્ઠની ઉપલ્બધિ માટે અથાક પ્રયાસો કરવા પડે છે અને વિવેકને જાગૃત રાખવું પડે છે.

આજે સન્મતિ સમવશરણમાં યુવામુનિરાજ મુદિતસાગરજી અને આર્યિકા માતાજીનો કેશલોંચ ચાલતો હતો ત્યારે ગુરુદેવે કહ્યું સાધુ બનવું સરળ પણ આવું આચરણ કઠિન છે. એવા સંતો વિવેક સાથે આ ચર્યાને અનુસરી શરીર સાથે પણ મમત્વ ત્યાગનો અદ્ભુત અને પવિત્ર આદર્શ સ્થાપિત કરે છે. સાધુ સંતોને પણ એવા ઉપકરણો કે સાધનોનો દાન ના આપો કે જેનાથી તેમની સાધના બાધિત થાય અને મનમાં વ્યર્થતા વિકારો કે સંકલ્પો ઉત્પન્ન થાય. હેતુ જાણ્યા વગર કોઈને પોતાનો વાહન અમથા ના આપો કેમ કે એનાથી જે હિંસા થશે તેમાં તમારે ભાગીદાર થવું જ પડશે.

અંતિમ અનર્થદંડ છે- દુશ્રુતિ. જે કહે છે કે એવા દશ્ય-શ્રાવ્ય સાધનોથી દૂર રહો જે મનમાં વિકાર ઉત્પન્ન કરે છે અને જીવને વ્યસન અને અન્ય નાકામા કે ખોટા માર્ગે લઈ જાય છે. જુઆ સટ્ટા વગેરે પ્રવૃત્તિઓ પણ ત્યાજ્ય છે. જ્યારે એમાં મળે ત્યારે છપ્પર ફાડીને પણ જ્યારે જાય છે ત્યારે તન પર ચામડી પર સલામત રહેતી નથી. વ્યાજના લોભના કારણે વ્યાજે રાખેલો પૈસો જો કદાચિત કોઈ ખોટા માર્ગે વાપરે તો એનો પાપ પણ તમને લાગશે.

સ્પીડના જમાનામાં સંયમના બ્રેક મારતા સીખો જેથી ગાડી અહિંસાના પાટા પરથી ઉતરી ના જાય. જે અનર્થદંડ થઈ ગયા છે તેનો પ્રાયશ્ચિત લો, જે વર્તમાનમાં થઈ રહયું છે તેના પર વિવેકની લગામ કસો અને તે ભવિષ્યમાં ના થાય તેના માટે સંકલ્પ લો તો જ જીવનને મંગલમય બનાવી શકાય છે.

# બેંકમાં જમા થયેલી રૂ.૫૦૦-૧૦૦૦ની નકલી નોટોનો ગુનો હવે દાખલ કરાયો

## વર્ષ-૨૦૧૭ માર્ચ-એપ્રિલમાં એસ.બી.આઈ મુખ્ય શાખામાં આવી નકલી ૪૯ નોટ જમા થઈ હોવાની પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૦-બી ખાતે આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ની મુખ્ય શાખામાં ફરજ બજાવતા કેશ ઓફિસર નરેશભાઈ નાથાભાઈ મકવાણાએ બેંકમાં કોઈ શખ્સો નકલી નોટો જમા કરાવી ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. નવાઈની વાત એ છે કે આ નકલી નોટ ગત વર્ષ ૨૦૧૭નાં માર્ચ-એપ્રિલમાં જમા કરાયેલી હતી અને તે પણ દેશમાં બંધ થઈ ગયેલી રૂ.૫૦૦-૧૦૦૦ ની નોટો છે. બેંકમાં આવી ૪૯ નકલી નોટ જમા થઈ હોવાની ફરિયાદ હવે પોલીસને આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરી એલસીબીને તપાસ સોંપી છે. બેંકનાં કેશ ઓફિસરે આપેલી ફરિયાદના આધારે ગત વર્ષ ૨૦૧૭માં માર્ચ-એપ્રિલ દરમિયાન રૂ. ૫૦૦ના દરની ૨૩ નોટ અને રૂ.૧૦૦૦ના દરની ૨૬ નોટ મળી કુલ ૪૯ નકલી નોટ કોઈ શખ્સો બેંકમાં જમા કરાવી ગયા છે. સે- ૭ પોલીસે કેશ ઓફિસરની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે દેશના અર્થતંત્રની વ્યવસ્થાને આર્થિક રીતે નુકશાન કરવાના હેતુથી નકલી ચલણી નોટ ફરતી કરવાનો ગુનો દાખલ કરી એલસીબીને તપાસ સોંપી છે.